| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૧૯/૦૬/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૮૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૦૧ ઈકો ગાડી અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૮૩૨/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** સંજયભાઇ તનસુખભાઇ પટેલ (રહે. શિવમ ટેનામેન્ટ ઉગતી એપાર્ટમેન્ટ સામે કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૫ રાતના કલાક ૦૦/૩૦ થી સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની સીડી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી રોકડ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– સાથેની બેગ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.શાહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૮૩૩/૨૦૨૫**

**“એમ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ભાથીજી કુલાજી ચૌહાણ (ઉ.વ.૪૫) (રહે.નવાપુરા લાલજીનો વાસ તા.સાણંદ જી.અમદાવાદ) તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા એસ.પી.રીંગ રોડ શાંતિપુરા ઓવરબ્રીજના છેડેથી ઈલેક્ટ્રીક સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેલર ટ્રક નંબર જીજે ૦૬ એયુ ૩૫૦૧ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ઈલેક્ટ્રીક સ્કુટરને ટક્કર મારતા ભાથીજી ચૌહાણ સ્કુટર ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર ભાથીજી ચૌહાણના ભત્રીજા જયેશકુમાર ચૌહાણે “એમ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી યુ.બી.ધાખડા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૩૪/૨૦૨૫**

**ચાંદખેડાઃ** સાક્ષી ડો/ઓ મુકેશભાઇ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે. કેશવકુંજ સોસાયટી આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** મયુરભાઈ ખોડીદાસ ચાવડા (ઉ.વ.૨૬) (રહે. સુવાસ ઓરમ શિવ દર્શન સોસાયટી પાસે આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિંગરવા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૯/૧૦ વાગે તેમને મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પ્રકાશ સ/ઓ રાકેશભાઈ પટણી (ઉ.વ.૧૯) (રહે. બ્લોક નંબર–૩ ચીત્રકુટ આવાસના મકાન આદીશ્વરનગર નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેશભાઈ શામળભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી